### રોયલ્ટી ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં ગૌણ સેવાના

# પક્ષપાતી વલણથી માઈનીંગ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને અન્યાય

**મંડળે એક જ પોસ્ટ માટે જુદા જુદા માઈનીંગ અને જીઓલોજી ફિલ્ડની લાયકાત માંગી હતી : પરીક્ષાના પ્રશ્નપત્રમાં ૮૦ ગુણનું જીઓલોજી ફિલ્ડમાંથી પુછી દિધુ : માઈનીંગ ફિલ્ડમાંથી માત્ર ૧૦ જ ગુણનું પુછાતા માઈનીંગ ફિલ્ડના ઉમેદવારો રોષે ભરાયા**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર (વર્ગ-૩)ની કુલ ૪૦ જગ્યાઓ માટે ૧૫૦ ગુણની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. જગ્યાની ભરતી માટે બી.ઈ. માઈનીંગ અને એમએસસી જીઓલોજીની લાયકાત માંગવામાં આવી હતી. પરંતુ ગૌણ સેવા મંડળે ૯૦ માર્કના ટેકનીકલ વિષયમાંથી ૮૦ ગુણનું જીઓલોજી ફિલ્ડ તથા માત્ર ૧૦ ગુણનું જ માઈનીંગ ફિલ્ડનું પુછવામાં આવતા માઈનીંગ ફિલ્ડના ઉમેદવારોને રોવાનો વારો આવ્યો છે. આ પરીક્ષામાં જીઓલોજી ફિલ્ડના જ વિદ્યાર્થીઓની તરફેણમાં પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવ્યુ હોવાનો આક્ષેપ પણ માઈનીંગ ફિલ્ડના વિદ્યાર્થીઓએ કર્યો છે અને ગૌણ સેવા મંડળ પરીક્ષા ભરતી રદ કરી નવેસરથી પરીક્ષા લે તે આક્રોશ પૂર્વક માંગ કરી રહ્યા છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા રોયલ્ટી ઈન્સ્પેકટર (વર્ગ-૩)ની ૪૦ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ ભરતી માટેની લાયકાત તરીકે બી.ઈ. માઈનીંગ અથવા એમએસસી જીઓલોજી માંગવામાં આવી હતી. એક પોસ્ટ માટે બંને જુદા જુદા ફિલ્ડનું ક્વોલીફીકેશન માંગ્યુ હતુ પરંતુ મંડળ દ્વારા ટેકનીકલ વિષયના સીલેબલ કે અન્ય કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી કે બન્ને વિષયમાંથી કેટલા કેટલા માર્કનું પ્રશ્નપત્રમાં પુછવામાં આવશે. કુલ ૧૫૦ માર્કસના પ્રશ્નપત્રમાં ૬૦ ગુણનું સામાન્ય અભ્યાસ તથા ૯૦ માર્કનું ટેકનીકલ વિષયમાંથી પુછવામાં આવશે તેવુ મંડળે જણાવ્યુ હતુ.

મંડળ દ્વારા તાજેતરમાં આ પોસ્ટ માટેની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ટેકનીકલ ફિલ્ડના ૯૦ ગુણમાંથી ૮૦ ગુણનું જીઓલોજી ફિલ્ડનું અને માત્ર ૧૦ જ ગુણનુ માઈનીંગ ફિલ્ડનું પુછવામાં આવતા માઈનીંગ ફિલ્ડના ઉમેદવારોના તો પરીક્ષામાં જ મોતીયા મરી ગયા હતા. આ રોયલ્ટી ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં માઈનીંગ ઈજનેર વિષયનું જ કઈ પુછવામાં ન આવતા ઉમેદવારો હતાશ થઈ ગયા છે. આ પરીક્ષા માટે જીઓલોજી ફિલ્ડના જ વિદ્યાર્થીઓની તરફેણમાં પ્રશ્નપત્ર સેટ કરવામાં આવ્યું છે. અને કોઈ સેટીંગ માટે જ મંડળે આ પ્રશ્નપત્ર સેટ કર્યુ છે તે સ્પષ્ટપણે સાબિત થઈ રહ્યું છે તેવો આક્ષેપ પણ આ બી.ઈ. માઈનીંગ ફિલ્ડના વિદ્યાર્થીઓએ કર્યો છે.

ગુજરાત ગૌણ સેવા મંડળ ગાંધીનગર દ્વારા રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ૧ એપ્રિલ ૨૦૧૮ લીધેલી ભરતી પરીક્ષા રદ કરવામાં આવે અને નવેસરથી આખી પરીક્ષા લેવામાં આવે. પ્રશ્નપત્રમાં માઈનીંગ એન્જીનીયરીંગ તથા જીઓલોજીના ટેકનીકલ વિષયના ૯૦ માર્કસમાંથી બન્નેનું ૫૦ ટકા એટલે કે ૪૫-૪૫ માર્કસનું ભારણ રાખી પરીક્ષા લેવામાં આવે તેવી માંગ આ ઉમેદવારો કરી રહ્યા છે. આ હતાશ ઉમેદવારોએ રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના ઉચ્ચ પદાધિકારી-અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી ગૌણસેવાની આ પ્રકારની નીતિ અંગે ન્યાયની માંગ કરી છે.

## યુવાનો ફેક ભરતી જાહેરાતથી ચેતજો

**ઈન્ટીગ્રેટેડ રૂરલ ડેવલપમેન્ટ સંસ્થાની કરાર આધારીત ભરતી શંકાસ્પદ દેખાય છે : સોશ્યલ મીડીયા પર આ ફેક ભરતી ન્યુઝ વહેતા થયા છે**

ગાંધીનગર, તા. ૭

ટેકનોલોજીના યુગમાં સોશ્યલ મીડીયાના અનેક ફાયદા અને ગેરફાયદા જોવા મળી રહ્યા છે. સોશ્યલ મીડીયામાં હાલ સાચા ન્યુઝ કરતા ફેક ન્યુઝ વધારે ઝડપી ફોરવડ થઈ રહ્યા છે. ત્યારે રાજયના બેરોજગારો સોશ્યલ મીડીયામાં હાલ ફોરવડ તથા ફેક ભરતી ન્યુઝથી ચેતજો. થોડા દિવસ પહેલા સંયુક્ત ગ્રામ્ય વિકાસ સંસ્થામાં ભરતી અંગે જાહેરાત માત્ર પૈસા ઉઘરાવવાના હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે બિલકુલ ખોટી છે. આ ન્યુઝ હાલ બેરોજગારોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેવી પોષ્ટ હાલ સોશ્યલ મિડીયામાં વહેતી થઈ છે.

રાજયભરમાં બેરોજગારીનુ પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જાય છે. યુવાનો રોજગારી-નોકરી મેળવવા સતત પ્રસિદ્ધ થતી ભરતીઓ અંગે માહિતી મેળવતો રહે છે. સોશ્યલ મિડીયા પર પણ આ ભરતીની જાહેરાતો દરરોજ લોકો દ્વારા પોષ્ટ થાય છે. પરંતુ આ કેટલીક પોસ્ટ ક્યારે ખોટી પણ સાબિત થતી હોય છે.

થોડા દિવસ અગાઉ ઈન્ટીગ્રેટેડ રૂરલ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગર દ્વારા ગુજરાતના જિલ્લા તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સુપરવાઈઝર, બ્રાન્ચ ઓફિસર, એકાઉન્ટન્ટ, ઓપરેટર ક્લાર્ક, સ્ટોર કિપર, પટાવાળા વગેરેની ૨૫૦૯ જેટલી જગ્યાઓ પર કરાર આધારીત ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. રાજયના બેરોજગાર યુવાનોએ કેટલી જગ્યાઓ પર ઓનલાઈન અરજીઓ પણ કરી છે. પરંતુ યુવાનોને ખબર નથી કે આ આખી ભરતીની જાહેરાત જ ખોટી છે. આ આખી ફેક ભરતી છે અને ભરતી માત્ર ને માત્ર પબ્લીક પાસેથી પૈસા પડાવવાનો એક તુક્કો છે. આ સંસ્થાની વેબસાઈટ પર પણ કોઈપણ જાતની સચોટ માહિતી મુકવામાં આવી નથી જે અંગે યુવાનોએ ધ્યાન રાખવાની જરૂર છે અને કોઈ યુવાનો ફોર્મ ફી અથવા રજીસ્ટ્રેશન ફી ન ભરવી તેવી વિવિધ પોષ્ટ હાલ સોશ્યલ મિડીયામાં વહેતી થઈ છે. આ આખી ભરતીની જાહેરાત જ ફેક છે અને તે શંકાસ્પદ પણ છે તેવુ હાલ જાણવા મળ્યુ છે.

## જીટીયુના સેમેસ્ટર-૧ના પરિણામમાં ટોચના ૧૦માંથી ૭ એસઆઈએચએમના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત દરેક ક્ષેત્રમાં ઘણી બધી તકો પુરી પાડે છે. હોટલ મેનેજમેન્ટના ક્ષેત્રમાં પણ ગુજરાતમાં ખુબ જ સારી તકો રહેલી છે. ગુજરાત સરકાર રાજ્યના યુવાનોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાના સતત પ્રયાસને ધ્યાનમાં રાખીને, ગુજરાત પ્રવાસન વિભાગના સહયોગથી સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ (એસઆઈએચએમ), સિદ્ધપુર, પાટણને સ્થાપવામાં મદદ કરી છે. આ ઈન્સ્ટીટ્યુટ ગુજરાતમાં હોટલ મેનેજમેન્ટનો કોર્સ પુરો પાડે છે.





એસઆઈએચએમ તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં ટોચના ૧૦ વિદ્યાર્થીઓમાંથી ૭ વિદ્યાર્થીઓ એસઆઈએચએમના હોવાની સાથે શ્રેષ્ઠ પર્ફોમર બની રહી હતી. આ સાથે એસઆઈએચએમ ગુજરાતમાં શ્રેષ્ઠ હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટમાંથી એક બનવામાં સફળ રહી હતી.

ટોચના ૧૦માંથી મોટાભાગના એસઆઈએચએમમાંથી હતા, જેમાં ફરીમ મોઢાએ ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. જેને ૮.૬૭ એસપીઆઈ મેળવ્યા હતા, ત્યારબાદ યસસ્વી રાઠોર જેને ૮.૫૩ એસપીઆઈ મેળવ્યા હતા. તેને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. ૩જા સ્થાને માનસી એ મોરી અને વલેરા નીર્મીત હીતેન્દ્ર બંનેને ૮ એસપીઆઈ પ્રાપ્ત થયા હતા, જ્યારે શાહ ધાર્યા હીમાંશુભાઈને ૭.૯૩ એસપીઆઈ મેળવી ૪થા ક્રમાંકે રહી હતી અને પાંચમાં સ્થાને આવનાર પ્રાર્થીત પ્રદીપકુમાર અને ભગતાની દિવ્યા લક્ષ્મણદાસે ૭.૮૭ એસપીઆઈ મેળવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓની ભાવનાને પ્રોત્સાહન આપતા, જેનુ દેવન-આઈ.એ.એસ., મેનેજિંગ ડિરેક્ટર અને ટુરિઝમના કમિશનર જણાવે છે કે, ‘આજની પેઢી તેમના સપનાને વાસ્તવીકતામાં પરિવર્તિત કરવા પુરતો ખપ ધરાવે છે. તેઓ ભારતનું ભાવિ છે. હું અમારા વિદ્યાર્થીઓને અભિનંદન આપું છું અને તેમના ભાવિ પ્રયાસ માટે તેમને સફળતા મળી રહે તેમ ઈચ્છુ છુ. હું આશા રાખું છે કે સખત મહેનત સાથે દરેક વિદ્યાર્થી એસઆઈએચએમનું નામ દિન-પ્રતિદિન આગળ વધારે અને કારકિર્દીમાં ઉત્તરોત્તર ખ્યાતિ પ્રાપ્ત કરે.

એસઆઈએચએમનો હેતુ હોટલ મેનેજમેન્ટના ક્ષેત્રમાં તેમના ધ્યેયને હાંસલ કરવામાં મદદ કરવા માટે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફંડામેન્ટલ્સમાં સેટ કરવાનું છે. ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો સાથે મળીને તમામ બનતી કોશિશ કરવામાં આવી રહી છે. તેનો ઉદ્દેશ્ય આ ઉદ્યોગને તેની વિશાળ તકો તેના મજબૂત વિકાસની સંભાવના માટે આકર્ષાય છે તે જ છે. વધુમાં વિદ્યાર્થીઓની કારકિર્દી વધુ અર્થપૂર્ણ બનાવવા માટે એસઆઈએએચએમ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશતા તમામ વિદ્યાર્થીઓને ભારતમાં તાજ, હોટલ ફોર્ચ્યુન ગ્રૂપ, આઈટીસી ગ્રુપ ઓફ હોટલ્સ જેવા ઘણી ટોચની હોટલે ગ્રુપોમાં ઈન્ટર્નશિપ માટે મુકવામાં આવે છે જેથી યોગ્ય માહોલ અને ટ્રેનીંગ મળી રહે.



## સિવિલમાં વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરાઈ

૭ એપ્રિલ વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી ખાતે નર્સીંગની વિદ્યાર્થિનીઓ દ્વારા નાટક ભજવી આરોગ્ય દિનની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી કાર્યક્રમમાં વ્યક્તિ સ્વાસ્થ્ય સેવા, શુદ્ધ ખોરાક, રસીકરણ, સ્વચ્છતા અંગે વિવિધ સચોટ માહિતી અને માર્ગદર્શન અધિકારી તબીબોએ આપ્યું હતું. આ વર્ષે વિશ્વ આરોગ્ય દિનનું મહત્વનું સૂત્ર ‘યુનિવર્સલ હેલ્થ કવરેજ એવરીવન એવરી હેલ્થ’ યુનિવર્સલ હેલ્થ કવરેજનો ઉદ્દેશ વિશ્વના દરેક વ્યક્તિને નાણાંકીય મુશ્કેલી સિવાય કોઈપણ સ્થળે અને સમયે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે છે. તે બાબતે પણ હોસ્પિટલના દર્દીઓ અને સ્ટાફને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હોસ્પિટલના આર.એમ.ઓ., નર્સીંગ સુપ્રિટેન્ડન્ટ તેમજ નર્સો તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું હિમાલય જાઉ છું... અહીં તમારા ભેગા રહેવામાં જોખમ છે... કોઈ પાવરફુલ માણસો આવી મને મુખ્યમંત્રી પદ પર બેસાડી દે તો....?!!

## ચિલોડા પ્રાથમિક શાળા ગુણોત્સવ અંતર્ગત સ્વમૂલ્યાંકન સંપન્ન

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા ખાતે શિક્ષણ ગુણવત્તાસભર અને શિક્ષણ સુધારણા શિક્ષકની સજ્જતા અંતર્ગત ગુણોત્સવ-૮ ૨૦૧૮ના ભાગરૂપે સ્વમૂલ્યાંકન એસએમ.સી.ની હાજરીમાં યોજવામાં આવ્યું હતું. જેમાં એસ.એમ.સી.ના અધ્યક્ષ તતસિંહ ઠાકોર, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુણોત્સવ કાર્યક્રમમાં પ્રાર્થના સભા, ભજન, બાળગીતો, સમાચાર, આજનુ ગુલાબ આજનો દિપક જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ કરી હતી. શાળાની સમગ્ર શિક્ષણ સંકુલની સફાઈ સ્વચ્છતાનું અવલોકન કરવામાં આવ્યું હતું.



બાળકોને ૩૦-૩૦ પ્રમાણે મૂલ્યાંકન માટેની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ ધો. ૨ થી ૮ના ૩૭૭ બાળકોનું વાંચન, લેખન, ગણનની કસોટી લેવામાં આવી હતી. ધો. ૬ થી ૮ના ૧૭૫ બાળકોને ૧૦૦ ગુણની ઓએમઆર દ્વારા કસોટી મુલ્યાંકન કરવામાં આવ્યુ હતું. જેમાં ૨૦ ગુણ ગુજરાતી, ૨૦ ગુણ ગણિત, ૧૫ ગુણ સામાજિક વિજ્ઞાન, ૧૫ ગુણ વિજ્ઞાન અને ટેકનોલોજી, ૧૫ ગુણ અંગ્રેજી, ૧૦ ગુણ હિન્દી અને ૫ ગુણ સંસ્કૃતનો સમાવેશ થાય છે. આ પ્રસંગે શ્રેષ્ઠ એએસએમસી એવોર્ડ શાળાની શિક્ષિકા દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. એન.એમ.એમ.એસ.માં ૫ બાળકો કલોલી ફાઉડ, માધ્યમિક પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં પાસ થયેલા ૧૧ બાળકોનુ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિ અને સંસાધનોનો ઉપયોગ સંદર્ભે સ્વમૂલ્યાંકન કસોટીનું સ્વમૂલ્યાંકન પદ્ધતિ નિરીક્ષણ એસએસસી. દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિલોડા સર્કલ પાસે જશુભા રાણાની કારને અકસ્માત

ગાંધીનગર, તા.૭

ચિલોડા સર્કલ પાસે આજે બપોરના અરસામાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પુર્વ પ્રમુખ જશુભા ચલાવી રહેલા જશુભા રાણાને કોઈ ગંભીર ઈજા થવા પામી ન હતી. જશુભા રાણા કાર મુકીને પોલિસ સ્ટેશન ફરિયાદ કરવા પહોંચ્યા



રાણાની કારને અકસ્માત નડયો હતો. ચિલોડા સર્કલ પાસે વળાંક દરમિયાન તેમની જીજે ૧૮ એસી ૭૫૧૧ નંબરની કારને પાછળથી એક ડમ્પરે ટકકર મારી હતી કારની પાછળના ભાગે ટકકર વાગતા કાર હતા. આ ઘટનાને પગલે બપોરે પોણો કલાક હાઈવે પર ટ્રાફીક જામ થઈ જવા પામ્યો હતો. ટકકર મારનાર ડમ્પર ચાલક દારૂ પીધેલો હતો તેની પાસે ડ્રાઈવીંગ લાયન્સ પણ ન હોવાની ચર્ચા થઈ રહી હતી.

## બી-કક્ષાના આવાસોનું સોમવારે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ દ્વારા રૂ. ૮૭ કરોડના ખર્ચે નવનિર્મિત ‘વંદેમાતરમ પાર્ક’નું લોકાર્પણ તા. ૯મી ફેબ્રુઆરીએ કરાશે. સેકરટ-૨૯, ગાંધીનગર ખાતે નિર્માણ થયેલ આ બહુમાળી આવાસોના લોકાર્પણ કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.




ગાંધીનગર શહેરમાં સેવાકીય સંસ્થાઓ અને સેવાભાવી નાગરીકો દ્વારા સેવાકાર્યો કરવામાં આવે છે. ત્યારે શહેરમાં ઉનાળાના પ્રારંભએ જ નાગરીકો માટે ઠંડા પાણીની પરબ ઠેર ઠેર નજરે પડે છે. જ્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં અબોલ પશુ-પક્ષીઓને પણ સરળતાથી પાણી મળી રહે તે અંગે અખિલ આંજણા ચૌધરી સેવા મંડળ દ્વારા હજ્જારો પક્ષી પરબનુ વિતરણ કરીને ઉમદા સેવાકાર્યની સુવાસ ફેલાવી હતી. પક્ષી પરબ લેવા માટે પણ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગાંધીનગરને ઈલેક્ટ્રોનીક એવીડન્સની તપાસ હેઠળ માન્યતા

ગાંધીનગર, તા. ૭

ભારત સરકારના ઈલેક્ટ્રોનીક અને સૂચના પ્રસારણ મંત્રાલય દ્વારા તાજેતરમાં ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર, ગુજરાતને ઈલેક્ટ્રોનીક એવીડન્સ એક્ઝામીનર તરીકેની ઈન્ફરમેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ (૨૦૦૦ની ૨૧) ૭૯ એ હેઠળ માન્યતા આપી છે.

આવી માન્યતા મેળવનાર દેશમાં ગુજરાત રાજ્ય સૌ પ્રથમ રાજ્ય બન્યું છે. આ માન્યતા ભારત સરકારના અસાધારણ ગેઝેટમાં ૨૮ માર્ચ ૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ પ્રકારની માન્યતા મેળવતા અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા માન્ય કરેલા આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ કેન્દ્ર સરકારની ખાસ ટીમ મારફતે ઈન્સ્પેકશન અને સ્ક્રુટીનીમાંથી પસાર થવું પડે છે.

રાજ્યની એફએસએલને મળેલ આ માન્યતા પ્રયોગશાળામાં ઉપલબ્ધ અત્યાધુનીક ટેકનોલોજીઓ જેવી કે તમામ પ્રકારના કોમ્પ્યુટર સ્ટોરેજ ડીવાઈસનું ફોરેન્સીક પૃથ્થકરણ કરવા માટેની ટેકનોલોજીઓ, મોબાઈલ ફોનના ફોરેન્સીક પૃથ્થકરણ કરવા માટેની ટેકનોલોજીઓ, ઓડીયો-વીડીઓ અને હેન્સમેન્ટ સીસ્ટમ, ડેમેજ હાર્ડડીસ્ક, ડેમેજ મોબાઈલ ફોન તથા ડેમેજ સીમકાર્ડમાંથી ડેટા રીકવર કરવાની ટેકનોલોજી વિગેરે તેમજ એક્ષપર્ટની કોમ્પીટેન્સીને કારણે મળેલ છે.

રાજ્યની એફએસએલની આ આગવી વિશેષતાઓને કારણે કેન્દ્રીય તપાસ સંસ્થાઓ જેવી કે એનઆઈએ, સીબીઆઈ, ઈડી, આઈએનસીઓએમઈ ટેકસ વિગેરે તેમજ દેશની સુરક્ષા પાંખી આર્મી, નેવી અને એરફોર્સ અને અન્ય રાજ્યોની પોલીસ પણ તમામ અગત્યના કેસોમાં રાજ્યની એફએસએલની મદદ લે છે તેવુ નાયબ નિયામક એચ.પી. સંઘવીએ અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## નીવ આઈઆઈટી ગાંધીનગર દ્વારા સમર સ્કીલ શાળા

ગાંધીનગર, તા.૭

નીવ આઈ.આઈ.ટી. ગાંધીનગરના આસપાસના સમુદાય માટેનો વિસ્તરણ કાર્યક્રમ છે. નીવ સક્રિયપણે આ સમુદાયના લોકોમાં પ્રવર્તતા જ્ઞાન અને વાસ્તવિક ઉપયોગિતાના અંતરને ઘટાડવા તેમજ રોજગારીની વિપુલ તકો ખીલવવા માટે માર્ગદર્શન પુરું પાડે છે.

સમર સ્કીલ શાળામાં વ્યાવસાયિક સ્કીલ કોર્સ જેમાં ફિટીંગ, વાયરિંગ, મશીનિંગ, પ્લમ્બિંગ, સુથારીકામ અને વેલ્ડીંગ જે ધો-૧૦ અને ૧૨ પાસ માટે શુક્રવાર ૨૩ એપ્રીલથી ૧૫ જુન દરમિયાન, કોમ્પ્યુટર સ્કીલ કોર્સ ધો-૧૨ પાસ માટે ૨૩ એપ્રીલથી ૧૫ જૂન, સ્પોકન ઈંગ્લીશ કોર્સ અંતર્ગત મૂળભૂત વ્યાકરણ, ઉચ્ચારણ, શબ્દભંડાર જે ધો-૧૨ પાસ માટે ૨૩ એપ્રિલથી ૧૫ જૂન દરમિયાન, સિલાઈ કોર્સ ૨૩ એપ્રિલથી ૧૫ જૂન દરમિયાન તેમજ ઉદ્યોગ સાહસિક વર્કશોપ જે ધો-૧૨ પાસ માટે શુક્રવાર ૧૮ જૂનથી ૨૩ જૂન દરમિયાન યોજાનાર છે. જે માટે રજીસ્ટ્રેશનની તારીખ ૨જી એપ્રિલ છે. ફી-રિફંડપાત્ર સિક્યોરીટી ડિપોઝીટ રૂ. ૫૦૦ છે. ઈચ્છા ધરાવનારે માર્કશીટની નકલ, સ્કૂલ લીવીંગ, રહેઠાણનો પુરાવો-આધારકાર્ડ લાવવાનું રહેશે. વધુ માહિતી માટે નીવ એબી ૬/૩૦૪, આઈઆઈટી-ગાંધીનગર ફોન ૦૭૯-૨૩૯૫૧૨૪૮૫૨ સંપર્ક સાધવા જણાવાયું છે.

## શહેરમાં લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૭

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને ઋષિવંશી સમાજ, ગાંધીનગરના ઉપક્રમે તાજેતરમાં રંગ કસુંબલ લોક ડાયરો ટાઉનહોલ સે. ૧૭ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચારણી સાહિત્યના મર્મી રાજભા ગઢવીએ છંદ, દુહા, લોકગીતો અને લોકકથાની સરવાણીથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દિધા હતા.

આ લોકડાયરામાં લોક સાહિત્યકાર જીતુદાદા અને ભજનિક અનિલ વાંકાણીએ સંસ્કૃતી અને રાજધર્મનુ રસદર્શન કરાવ્યુ હતુ. આ કાર્યક્રમના મહેમાન તરીકે વચ્છરાજદાદા મંદિર, ચોટીલા, આપા ગીગાના ઓટલા, સ્વામીનારાયણ ગુરૂકુળના મંહતો સહિત અનેક સંતો તેમજ મંત્રીઓ, ધારાસભ્યોએ મનભરીને કાર્યક્રમને માણ્યો હતો.

## સરઢવના ગ્રીષ્મા પટેલ પીએચડી

ગ્રીષ્મા મહેન્દ્રભાઈ પટેલ એ ‘ડિઝાઈન ડેવલોપમેન્ટ એન્ડ ઈવેલ્યુએશન ઓફ ઓરલ લીપીડ બેઝડ ડ્રગ ડીલીવરી સિસ્ટમ ઓફ પુઅરલી સોલ્યુબલ ડ્રગ’ વિષય પર ડૉ. અનિતા એન. લાલવાનીના માર્ગદર્શન હેઠળ કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફાર્માસ્યુટકીલ સાયન્સ શાખામાંથી ડિસેમ્બર ૨૦૧૭માં પીએચડીની પદવી પ્રાપ્ત કરેલ છે. ચિ. ગ્રીષ્મા મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલની (સરઢવવાળા) નિવૃત્ત મદદનીશ વન સંરક્ષક, પ્રમુખશ્રી બાર ગામ કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની પુત્રી છે.



**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી - બીજ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : ૨૩૨૫૬૭૧૫, ૨૩૨૫૬૬૭૭
ફેક્સ નં. : ૨૩૨૫૬૭૧૮
GST IN : 24AAACG5619A127

**કુરીયર મારફત નિગમની ટપાલો મોકલવાની કામગીરી**

આ નિગમને સ્થાનિક કક્ષાએ રાજ્યના જુદા જુદા જીલ્લાઓ / તાલુકાઓમાં તેમજ રાજ્યની બહારના સ્થળોએ આંગડીયા / કુરીયર મારફત ટપાલો મોકલવાની થતી હોઈ આવા પ્રકારની કામગીરી કરતી GST તથા પાનકાર્ડ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી નિગમ દ્વારા નક્કી કરેલ શરતો સાથેના આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૫૦૦/- ભરી (પરત નહીં મળવાપાત્ર) તા. ૧૭/૪/૨૦૧૮ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૧/૪/૨૦૧૮ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી ઉપરોક્ત સરનામે ટપાલ / કુરીયર કે રૂબરૂમાં મોલવી આપવાના રહેશે. સદર ટેન્ડર તા. ૨૪/૪/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

મેનેજીંગ ડીરેક્ટર